નોવેલ કોરોના વાયરસ-૨૦૧૯ (COVID-19) અન્વયે વર્કશોપ કોન્ફરન્સ, સેમીનાર મોકુફ રાખવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: એનસીવી-૧૦૨૦૨૦-૨૫૬-ગ
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૩/03/૨૦૨૦

<u>પરિપત્ર:-</u>

નોવેલ કોરોના વાયરસ (COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. વિશ્વમાં કોરોના વાયરસના ૧,૨૫,000 થી વધુ કેસ તથા ૪,000 થી વધુ મરણ નોંધાયેલ છે. જ્યારે ભારતમાં આ રોગના કુલ-૮૧ કેસ નોંધાયેલ છે. કોરોના વાયરસનો ફેલાવો શ્વાચ્છોશ્વાસ દ્વારા, ડ્રોપલેટ દ્વારા સીધા સંપર્કથી થતો હોય છે. હાલમાં વિશ્વમાં તથા દેશમાં પ્રવર્તી રહેલ કોરોના વાયરસની પરીસ્થિતિને ધ્યાને લેતાં રાજ્યમાં કોરોના વાયરસનો ફેલાવો ન થાય તે માટે ભારત સરકાર તરફથી પરિપત્ર મારફતે સમયાંતરે મળેલ સૂચનાઓ ધ્યાને લઇ તકેદારીના પગલારૂપે રાજ્યમાં કોઇ એક જગ્યા પર લાંબા સમય માટે વધુ માણસો ભેગા ન થાય તે હેતુસર તાત્કાલિક અસરથી તમામ સરકારી કચેરીઓ/સંસ્થાઓમાં યોજાતા વર્કશોપ, સેમીનાર, કોન્ફરન્સો તા.૩૧/03/૨૦૨૦ સુધી મોકુફ રાખવા આથી જણાવવામાં આવે છે.

આમ નાગરિકોને પણ આ સમય દરમ્યાન તકેદારીના ભાગરૂપે સામુહિક/સામાજિક મેળાવડાઓના નાનાં-મોટા પ્રસંગો ટાળવા/મોકૂફ રાખવા અપીલ કરવામાં આવે છે અને આ બાબત જિલ્લા સ્તરેથી જાહેર જનતા સુધી પહોંચાડવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.જયંતી રવિ)
અગ્ર સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

નકલ રવાના:

1. અંગત સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અંગત સચિવશ્રી, માન.નાયબ મુખ્યમંત્રીશ્રી (આ) નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
3. અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (આ) નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
4. સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
5. સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
6. સર્વે વિભાગના સચિવશ્રીઓ, અગ્ર સચિવશ્રીઓ તથા અધિક મુખ્ય સચિવશ્રીઓ
7. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, ગુજરાત રાજ્ય.
8. કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ) ની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. સર્વે કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, ગુજરાત રાજ્ય.
10. માહિતિ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય. બ્લોકનં.૧૯, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. આ બાબતની રાજ્યમાં બહોળી પ્રસિદ્ધિ અર્થે.
11. વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
12. અધિક નિયામકશ્રી (જા.આ), આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ) ની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
13. અધિક નિયામકશ્રી (ત.સે), આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ) ની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
14. અધિક નિયામકશ્રી (ત.શિ), આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ) ની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
15. અધિક નિયામકશ્રી (પ.ક), આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ) ની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.